## માજનો ઈતિહાસ : કરાચીથી કચ્છ સુધી !

આપણી જ્ઞાતિમાં જ્યારે આજના જેટલા શિક્ષણનો પ્રસાર નહોતો, અને ગુલામીની મનોદશામાંથી બહાર આવેલી જ્ઞાતિ ખેતી અને ધંધા-રોજગાર ક્ષેત્રે બેઠી થઈ રહી હતી ત્યારે ૧૯૬૦માં કેળવણીને વેગ આપવા માટે નખત્રાણામાં બનાવવામાં આવેલ વિદ્યાર્થીભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે મળી ગયેલ સમાજનું અધિવેશન આપણી જ્ઞાતિનું પ્રથમ અખિલ ભારતીણ કક્ષાનું પૂર્ણ સમયનું અધિવેશન હતું.

સમાજનું સંગઠ્ઠન જળવાઈ રહે અને ભારતભરમાં પથરાયેલ આપણી જ્ઞાતિના સભ્યો એક સરખા રીતરિવાજો પાળે તે માટે સમાજના ધારા-ધોરણો ઘડી કાઢવા માટે સૌ પ્રથમ આ અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જોકે અધિવેશનોના ઈતિહાસને લાગે વળગે છે ત્યાં સુધી ૧૯૬૦ના અધિવેશન અગાઉ પણ જ્ઞાતિના આધસુધારક જ્ઞાતિરત્ન પૂ. નારાયણજી રામજી લીબાણીની આગેવાની હેઠળ જ્ઞાતિના હિતચિંતક વડિલો તેમજ કેટલાંક અનિષ્ટ તત્વોને દૂર કરવા અને જનજાગૃતિ માટે મુંબઈ અને કરાંચીમાં પણ અધિવેશન જેવું આયોજન કરવામાં આવેલ હતું.

### અધિવેશનની તવારીખ

| | | |
|---|---|---|
| પ્રથમ | **૧૯૬૦** | શ્રી શીવદાસ કાનજી પટેલના પ્રમુખસ્થાને |
| દ્વિતીય | ૧૯૭૭ | શ્રી ખીમજી નાગજી પટેલના પ્રમુખસ્થાને |
| તૃતીય | ૧૯૮૫ | શ્રી ખીમજી નાગજી પટેલના પ્રમુખસ્થાને |
| ચતૃર્થ | ૧૯૯૩ | શ્રી પ્રેમજી પુંજા પટેલના પ્રમુખસ્થાને |

૧૯૨૫ના અરસામાં મુંબઈમાં આવી અધિવેશન યોજાઈ હતી. તે અગાઉ કરાંચીમાં પણ આ પ્રકારની અધિવેશન મળી હતી. ૧૯૬૦ પહેલાંની ત્રીછ અધિવેશન પણ કરાંચીમાં જ યોજાઈ હતી તે ઉપરથી ખ્યાલ આવે છે કે તે વખતે કરાંચીમાં આપણા ભાઈઓની કેટલી બધી મોટી વસ્તી હતી! મુંબઈ અને કરાંચીની અધિવેશનનોમાં હાજરી આપી હોય તેવા કેટલાક વડીલો હજુ આજે પણ હયાત છે.

સમાજના આગેવાનો ૧૯૫૯-૬૦ના અરસામાં છાત્રાલય અને સમાજવાડીઓના ફાળા માટે જ્યારે ભારતભરમાં ઘીમી રહયા હતા ત્યારે આપણી જ્ઞાતિના ધારા-ધોરણોને જમાનાને અનુરૂપ બનાવવાનો સમય આવી પહોંચ્યો છે એવી જોરદાર માંગણી લોકોમાં ઊભી થઈ હતી. એ તો દેખીતું જ છે કે જ્ઞાતિના ગમે ત્યાં વસતા કોઈ પણ ભાઈને બંધનકર્તા હોય એવું જ્ઞાતિના ધારા-ધોરણોનું બંધારણ જ્ઞાતિના અધિકૃત પ્રતિનિધિઓ જ બનાવી શકે. આ બાબતને ધ્યાનમાં રાખી ઠેર-ઠેરથી એક જ્ઞાતિ અધિવેશન યોજવાની માગણી થવા લાગી.

સને ૧૯૬૦ના ફેબ્રુઆરીમાં જ્યારે નાગપુર ખાતે પાટીદાર ભવનનું ઉદ્‌ઘાટન થયું તે સમયે દેશના જુદા જુદા ભાગોમાંથી પધારેલા આગેવાનોએ સમસ્ત કચ્છ કડવા પાટીદાર સમાજની અધિવેશન પાટીદાર વિદ્યાર્થી ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે નખત્રાણા ખાતે બોલવવી એવું નક્કી કર્યુ. આ નિર્ણય લેવા પાછળના બે ઉદ્દેશ હતા. એક તો ઉદ્‌ઘાટન પ્રસંગે દેશભ રમાંથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહેવાનાં હતાં એટલે અધિવેશનના ઉદ્દેશ માટે કોઈ વિશેષ ખર્ચ કરવો પડે તેમ નહોતો, અને બીજુ, જ્ઞાતિનું બંધારણ ઘડવાનું હોઈ, તેમાં દેશભરના તમામ પ્રાંતના પ્રતિનિધિઓની ઉપસ્થિતી જરૂરી હતી જે ઉદ્‌ઘાટન પ્રસંગે જ મોટી સંખ્યામાં હાજર રહે તેમ હતી.

તા. ૧૦-૫-૬૦ના જ્ઞાતિની અધિવેશન ભરવી અને બીજા દિવસે તા. ૧૧-૫-૬૦ ના છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરવું એવો નિર્ણય પણ નાગપુર પાટીદાર ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે જ લેવાયો અને સભામાં જાહેરાત થતાં જ જ્ઞાતિજનોમાં અપૂર્વ ઉત્સાહનું મોજું ફરી વળ્યું. અધિવેશન માટે થનગનતા યુવાનો અને કાર્યકરોની ટીમો ભારતભરમાં ઘૂમી વળી અને સર્વત્ર 'ચલો નખત્રાણા' નો નાદ ગૂંછ ઊઠયો !

અધિવેશન આડે ફક્ત બે મહિનાનો ટૂંકો ગાળો જ રહયો હતો. કામગીરી ઘણી વિરાટ હતી અને સમાજના કાર્યકરોની કુશળતાની અને કુનેહની ખરેખરી કસોટી થવાની હતી. પણ કાર્યકરોના અપાર ઉત્સાહ અને તરવરાટ જોયા પછી અધિવેશનની સફળતા માટે સમાજના આગેવાનોને પણ જબરો વિશ્વાસ ઊભો થયો.

અત્યાર સુધી ભરાયેલ અધિવેશનોમાં ૧૯૬૦માં ભરાયેલ સૌ પ્રથમ અખિલ ભારતીય અધિવેશન આયોજન અને કાર્યવાહીની દ્રષ્ટિએ અદભૂત હતું અને કચ્છમાં પ્રથમ વખત જ ભરાઈ રહયું હોઈ લોકોનો ઉત્સાહ પણ અપૂર્વ હતો. દેશભરમાંથી જ્ઞાતિના યુવાનો અને અગેવાનો મોટરકાર લઈ દિવસો પહેલાં અધિવેશનની સફળતા માટે કચ્છમાં ઉમટી પડયા હતા. કાર્યકરો અને સમગ્ર જ્ઞાતિજનોમાં એક અભૂતપૂર્વ ઉમંગનું મોજૂં તે વખતે ફરી વળ્યું હતું.

નખત્રાણા વિદ્યાર્થીભવનના વિશાળ મકાનને વીજળીના દીવાઓથી ઝગમગતું કરી જાણે પરીઓના પ્રદેશનો આભાસ ખડો કરવામાં આવ્યો હતો. નખત્રાણા અને આજુ બાજુના ગામોમાંથી અન્ય જ્ઞાતિના માણસો પણ એ રોશની જોવા મોટી સંખ્યામાં ઊમટી પડયાં હતાં!

૬૪ કેપ્ટનોના હાથ નીચે ૧૨૦૦ સ્વયંસેવકોની મોટી ફોજ અધિવેશનની વ્યવસ્થા જાળવવા માટે તૈનાત કરવામાં આવી હતી. મંડપ, લાઈટ, રસોડા સમિતિની સેવા સર્વોત્તમ અને વખાણવા લાયક હતી. બધી સમિતિઓએ પોતાનું કાર્ય જે ધગશથી પાર પાડયું હતું તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

આ અધિવેશનું ખુલ્લું અધિવેશન તા. ૧૦-૫-૬૦ના દિવસે બપોરના ૩ કલાકે ખાસ તૈયાર કરેલા મંડપમાં ભરાવાનું હતું પણ અધિવેશનની કાર્યવાહી જાણવાની તાલાવેલી અને ઉત્સુકતાને લીધે વહેલી સવારથી ઊમટી પડેલ ૨૦ થી ૨૫ હજારની મેદનીના ભોજનનો પ્રબંધ આયોજકોને કરવો પડતાં ખૂલ્લા અધિવેશનનો સમય બપોરના ૩ ને બદલે રાત્રે ૮ વાગે કરવો પડયો હતો !

ખુલ્લા અધિવેશનમાં એટલો મોટો માનવ મહેરામણ હતો કે બોર્ડિંગના કંપાઉન્ડની બહાર બેસીને પણ લોકો રસપૂર્વક કાર્યવાહી સાંભળતા હતા. સભામંડપમાં અર્ધા કરતાં વધુ હાજરી બહેનોની હતી. કચ્છના ગામે-ગામ અને દેશના તમામ પ્રાંતના પ્રતિનિધિઓની હાજરીથી સભા મંડપ ભરચક થઈ ગયો હતો.

આ અધિવેશનમાં સમાજનું બંધારણ અને ધારા-ધોરણો ઘડી કોઢવાનું હોઈ વિષય વિચારણી સમિતિનું કામ કુનેહ માંગી લે તેવું હતું. ૨૨૪ સભ્યોની વિષય વિચારણી સમિતિએ આ કામ સફળતાપર્વક પાર પાડયું દરેક ઠરાવ પર જે રીતે ગંભીર પણે ચર્ચાઓ કરવામાં આવી તે પણ દાદ માંગી લે તેવી કામગીરી હતી. સમાજના વિવિધ ક્ષેત્રના નિષ્ણાત કાર્યકરોએ તન-મન-ધનથી તેમની સેવાઓ આ અધિવેશનને આપી હતી.

આ પ્રથમ અધિવેશનમાં ચર્ચવામાં આવેલ વિષયો અને ઠરાવો ઉપર પ્રતિનિધિઓએ અને જ્ઞાતિજનોએ ખેલદિલીથી અને કોઈ પણ જાતના શરમ-સંકોચ તથા પૂર્વગ્રહરહિત મંતવ્યો રજૂ કર્યા હતાં.

૧૯૬૦ની પ્રથમ અધિવેશન પછી સમાજની બીજી અધિવેશન ૧૭ વર્ષ પછી છેક ૧૯૭૭માં મળી. આ બીજી અધિવેશનમાં સમાજના અધિવેશન સાથે યુવકસંઘ જેવી સંસ્થાનું સૌ પ્રથમ અધિવેશન પણ આ વખતે જ યોજાયું. કન્યા કેળવણી, સંગઠ્ઠન જેવી બાબતો પર આ અધિવેશનમાં વિશેષ ભાર મૂકાયો હતો. યુવક સંઘના આ અધિવેશનમાં યુવક સંગઠન, કન્યા કેળવણી અને સનાતન ધર્મના પ્રચાર પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

૧૯૬૦ના અધિવેશનમાં સાબરકાંઠા-ગુજરાત તરફના ભાઈઓએ ભાગ લીધો નહોતો પણ યુવકસંઘના અથાક પ્રયત્નોને કારણે ૧૯૭૭ના અધિવેશનમાં સાબરકાંઠાના કંપા વિસ્તારના ભાઈઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. યુવકસંઘના જોશીલા કાર્યકરો અધિવેશનની સફળતા માટે ભારતભરમાં ઘીમી વળ્યા હતા. યુવકસંઘના આ કાર્યની નોંધ ખુલ્લા અધિવેશનમાં સમાજે લીધી હતી. સૌ પ્રથમ જ્ઞાતિના રીતરિવાજો અંગેના ૧૭ ઠરાવો, આ અધિવેશનમાં પસાર કરવામાં આવ્યા હતા.

૧૯૭૭નું દ્વિતીય અધિવેશન ૨૨-૫-૭૭ અને ૨૩-૫-૭૭ એમ બે દિવસનું યોજાયું હતું. ખૂલ્લુ અધિવેશન ૨૨મીની રાત્રે ૯ કલાકે યોજાયું હતું. બીજા દિવસે બપોર પછી યુવક સંઘનું અધિવેશન મળ્યું હતું. યુવકસંઘના પ્રમુખ શ્રી ખીમજી લખમશી લંબાણી(કલકતા) અને મહામંત્રી અખેરાજપ્રેમજીની આગેવાની નીચે યુવકોનું મળેલું આ પ્રથમ અધિવેશન ધારણા કરતાં વિશેષ સફળ રહયું હતું. આ પ્રસંગે મહિલાઓનું અધિવેશન પણ પ્રથમ વખત જ યોજાયું હતું.

બીજા અધિવેશન દરમ્યાન સમાજના માહનુભાવોનાં તૈલચિત્રોનું અનાવરણ કરવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ૧૯૬૦ના અધિવેશનમાં થયેલા ઠરાવો અને સમાજ સુધારણાની અસર બીજા અધિવેશનમાં સ્પષ્ટ જણાઈ આવી હતી.

૧૯૭૭ પછી જ્ઞાતિની ત્રીજી અધિવેશન આઠ વર્ષના સમયગાળા પછી ૧૯૮૫માં વિદ્યાર્થીભવન ખાતે યોજાઈ હતી. યોગાનુંયોગ પાટીદાર વિદ્યાર્થીધભવનને પણ આ વર્ષે ૨૫ વર્ષ પૂરાં થતાં હોઈ તેનો રજતજયંતી મહોત્સવ પણ સાથે જ યોજાયો હતો.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન, યુવકસંઘનું દ્વિતિય અધિવેશન ઉપરાંત મહિલા અધિવેશનનું પણ ગઠન થયું હતું. ઘૂંઘટ પ્રથા, કન્યા કેળવણી અને સમુહ લગ્નો જેવા વિષયો આ મહિલા અધિવેશનો મુખ્ય સૂર રહયો હતો.

૧૯૮૫ની આ તૃતીય અધિવેશન તા. ૧૮-૫-૮૫ અને ૧૯-૫-૮૫ એમ બે દિવસ માટે યોજાઈ હતી. આ ત્રીજી અધિવેશનમાં પણ યુવકસંઘના કાર્યકરો જ છવાયેલા રહયા હતા. યુવક અને મહિલા અધિવેશનો તેમજ ખૂલ્લા અધિવેશનમાં યુવાન ભ ાઈ બહનોને પ્રથમ વખત જ મોટી સંખ્યામાં પોતાના વિચારો રજૂ કરવાનો મોકો આ અધિવેશને પૂરો પાડયો હતો.

સમાજનું ચોથું અધિવેશન તા. ૨૮-૪-૯૩ થી ૩૦-૪-૯૩ એમ ત્રણ દિવસ યોજાયેલ. જેમાં શ્રી નારાયણજી બાપાની પ્રતિમાનું અનાવરણ, કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન અને ખુલ્લુ અધિવેશન સફળતા પૂર્વક યોજાયેલા.

સમાજના ધારા-ધોરણો પાળવામાં કયાં-કયાં વાસ્તવિક રીતે મુશ્કેલીઓ ઉભી થાય છે તે જાણવા અને આવાં ધારા-ધોરણોનો અમલ કેવો થઈ રહયો છે તેની સમીક્ષા કરવા માટે આવા અધિવેશનોની અતિ આવશ્યકતા છે. ભ ારતભરમાં પથરાયેલા જ્ઞાતિબંધુઓમાં પરસ્પર પ્રેમ. સહકાર અને સંગઠ્ઠન જળવાઈ રહે તે પણ એક મુખ્ય ઉદ્દેશ છે.

સમાજ દ્વારા યોજાતી આવી અધિવેશનોની સ્મૃતિ લોકોમાં લાંબા સમય સુધી જળવાઈ રહે તે જરૂરી છે. ૧૯૬૦માં શ્રી વીરેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રચાયેલા અહેવાલ સમિતિએ આ અધિવેશનનો અહેવાલ બહાર પાડવાની ભગીરથ કામગીરી સફળતાપૂર્વક પાર પાડ હતી. અને જે સુંદર અહેવાલ બહાર પાડયો હતો તેના માટે તેમને અભિનંદન આપવા ઘટે. સંજોગવસાત ૧૯૭૭ અને ૧૯૮૫ના અધિવેશનનો અહેવાલ બહાર પાડવાની કામગીરી થઈ શકી નહોતી. પરંતુ ૧૯૯૩ના અધિવેશનનો સ્મૃતિગ્રંથ બહાર પાડવામાં આવેલ.

અત્યાર સુધીની આપણી અધિવેશનો ઉનાળામાં એપ્રિલ-મે મહિના દરમિયાન જ યોજાઈ છે. સમાજના માજી પ્રમુખ શ્રી ખીમજી નાગજી લીબાણીને ૧૯૭૭ અને ૧૯૮૫ એમ બબ્બે અધિવેશનમાં પ્રમુખસ્થાન શોભાવવાનો અવસર મળ્યો છે. આ ત્રણે અધિવેશનો કાર્યક્રમ બે દિવસનો રહયો છે.

૧૯૬૦, ૧૯૭૭, ૧૯૮૫ અને ૧૯૯૩ના અધિવેશનનો તમામ રીતે સફળ થયાં હતાં પણ જાણકારોના મત મુજબ ૧૯૬૦ની અધિવેશનના ખુલ્લા અધિવેશનની સભા ખરેખર અપૂર્વ અને બેનમૂન હતી!

(શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ચતુર્થ અધિવેશન સોવેનિયર પર આધારીત )